અનુસૂચિત જાતિઓને સામાજીક બહિષ્કાર
અને હિજરતના પ્રસંગોએ મળતી નાણાકીય
સહાય આપવા બાબત...

---

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:-એસસીડબલ્યુ/૧૦૯૫/૨૫૫૩/૩૩૬૧/હ.સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨-૯-૧૯૯૬.

૨/૯/૯૬

વંચાણે લીધો:-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૧/૯/૮૯નો ઠરાવ
ક્રમાંક:-એસસીડબલ્યુ/૧૦૮૫/૨૫૫૩/જ.

(૨) કલેક્ટરશ્રી, જુનાગઢનો તા.૧૪/૧૨/૯૪નો પત્ર
ક્રમાંક:-પવક/પ્રોજેક્ટ/૮૫૨૬/૯૪.

(૩) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતા, ગાંધીનગરનો તા.૭-૭-૯૫ના
પત્ર ક્રમાંક:-સક/સેલ/૨/૮૭૪.

(૪) નિયામકશ્રી(સ.ક.) ખાતાનો તા.૧૦/૩/૯૩નો પરિપત્ર
ક્રમાંક:-સક/સેલ/સામલા/૯૨-૯૩/[illegible]૭.

(૫) સ.ક. અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૭/૫/૭૯ નો ઠરાવ ક્રમાંક-
એસસીડબલ્યુ/૧૦૭૯/૭૮૫૬૧/જ.

પરિપત્ર:-

આમુખ (૫)માં જણાવેલ તા.૭/૫/૭૯ના ઠરાવથી અનુ.જાતિના લોકો સામાજીક કારણોને લીધે માનવ સર્જિત આફતો જેવી કે સામાજીક બહિષ્કાર કરવો, તેમની રોજી રોટી બંધ કરવી, તેમને મજૂરીએ ન બોલાવવા વગેરે જેવી આફતોના ભોગ બનતા હોય તેવા પ્રસંગોએ નાણાકીય સહાય આપવાની યોજના દાખલ કરેલ છે. ત્યાર બાદ આ નાણાકીય સહાયમાં ઉત્તરોત્તર વધારો કરેલ છે. સમાજ કલ્યાણ વિભાગના તા.૨૧/૯/૮૯ના પરિપત્ર ક્રમાંક:-એસસીડબલ્યુ/૧૦૮૫/૨૫૫૩/જ (આમુખ-૧)થી અનુ.જાતિઓના સ્થળાંતરોના પ્રસંગોએ "હિજરત" ગણવા અંગે જે તે નિર્ણય જિલ્લાના સંબંધિત કલેક્ટરશ્રી/જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ લેવાનું ઠરાવેલ છે. જ્યારે સમાજ કલ્યાણ નિયામક(સ.ક.)ના તા.૧૦/૩/૯૩ના પરિપત્રથી સામાજીક બહિષ્કાર અંગેનો આખરી નિર્ણય જે તે જીલ્લાનો હવાલો ધરાવતા સંબંધિત તકેદારી અધિકારીશ્રીએ લેવાનો રહેશે. તેમ

...૨...

ઠરાવેલ છે. આમ સામાજીક બહિષ્કાર અને હિજરત જેવા પ્રસંગો એક જ પ્રકારના અત્યાચારના હોઈ બન્ને પ્રસંગોએ આખરી નિર્ણય લેવાની સત્તા અલગ અલગ અધિકારીશ્રીને સોંપેલ હોઈ વહીવટી એકસુત્રતા જળવાતી ન હોઈ આ બન્ને પ્રસંગોએ નિર્ણય લેવાની સત્તા એક જ અધિકારીને સોંપવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

આ બાબતે પુખ્ત વિચારણાને અંતે એવું ઠરાવવામાં આવે છે કે અનુસૂચિત જાતિઓના સામાજીક બહિષ્કારનાં પ્રસંગોએ જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી, તકેદારી અધિકારી તેમજ જીલ્લા પોલીસ વડાના અહેવાલોને આધારે આ બનાવ સામાજીક બહિષ્કારનો છે કે નહિ તે જીલ્લા કલેકટરશ્રી/જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી તે અંગેનું તારણ કાઢશે. આ રીતે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી/કલેકટરશ્રી તરફથી ''સામાજીક બહિષ્કાર'' જાહેર કરવામાં આવે ત્યાર બાદ જ નિયમાનુસાર નાણાકીય સહાય મળવાપાત્ર થશે. આથી સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ, તકેદારી અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવે છે કે જ્યારે પણ બહિષ્કારનો પ્રસંગ બને ત્યારે તેમણે કલેકટરશ્રી/જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને પરિસ્થિતિથી વાકેફ કરવા અને તેમના તરફથી જે તે પ્રસંગને બહિષ્કાર જાહેર કરવામાં આવે. ત્યાર બાદ જ અનુ.જાતિના લોકોને ''બહિષ્કાર''ને કારણે મળવાપાત્ર થતી નાણાકીય સહાય આપવાની કાર્યવાહી કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એમ. પરમાર)
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

SEP 1976

પ્રતિ,
સર્વે કલેકટરશ્રીઓ અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.
સર્વે જિલ્લા પોલીસ વડા/સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી.
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ/ગૃહ વિભાગ/મહેસુલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ.

પટેલ//૩૦૮૯૬/